RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 266* Date: 23.07.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ૨૪ થી ૪૮ કલાકમાં રૂપાણી સરકારના મંત્રીમંડળ વિસ્તરણની સંભાવના !?



વર્તમાન મંત્રીશ્રીઓમાં ૨ રાજ્યકક્ષા અને ૧ કેબીનેટ મંત્રી કુલ ૨ થી ૩ મંત્રીનું પદ છીનવાશે ?

મંત્રીમંડળ વિસ્તરણમાં ૧ પાટીદાર અને ૧ દલીત લેવાનું લગભગ નક્કી !!

## કુલભૂષણ જાધવ મામલે પાકિસ્તાને વકીલ આપવા માટે દાખલ કરી હાઈકોર્ટમાં અરજી

*ઈસ્લામાબાદ,તા.૨૨*

કુલભૂષણ જાધવ મામલે પાકિસ્તાને હવે નવો ખેલ શરૂ કર્યો છે. પાકિસ્તાન સરકારે જાધવને વકીલ આપવા માટે ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં ભારત સરકારની સહાય વગર જાધવ વકીલ નહીં રાખી શકે તેમ કહેવામાં આવ્યું છે. સાથે જ એવું પણ કહેવામાં આવ્યું છે કે જાધવે પોતાની સજા વિરૂદ્ધ રિવ્યુ પિટીશન દાખલ કરવા મનાઈ કરી દીધી છે.

ભારતીય અધિકારીઓ ગત સપ્તાહે પાકિસ્તાનમાં મૃત્યુની સજા પામેલા કુલભૂષણ જાધવને મળવા માટે પાકિસ્તાન ગયા હતા. આ મુલાકાત પૂરી થયા બાદ વિદેશ મંત્રાલયે એવી ફરિયાદ કરી હતી કે, રાજદ્વારી અધિકારીઓને કાયદાકીય પ્રતિનિધિત્વની વ્યવસ્થા કરવા માટે કુલભૂષણ જાધવની લેખિત સહમતી હાંસલ નહોતી કરવા દેવાઈ. મંત્રાલયના કહેવા પ્રમાણે પાકિસ્તાનના આ વલણ બાદ ભારતીય અધિકારીઓ વિરોધ દર્શાવીને ત્યાંથી પાછા આવી ગયા હતા.

## રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતના ભાઈના ઠેકાણા પર ઈડીના દરોડા

જયપુર,તા.૨૨

રાજસ્થાનનાં મુખ્યમંત્રી અશોક ગેહલોતનાં નજીકનાં લોકો પર ગાળિયો કસાતો જઈ રહ્યો છે. ફર્ટિલાઈઝર કૌભાંડમાં ઈડીએ આજે અનેક જગ્યાએ દરોડા પાડ્યા છે. ઈડીનાં દરોડા સીએમ ગેહલોતનાં ભાઈ અગ્રસેન ગેહલોતનાં ત્યાં પણ ચાલી રહ્યા છે. ગત દિવસોમાં જ સીએમ અશોક ગેહલોતનાં ભાઈ અગ્રસેન ગેહલોતનાં નામે ફર્ટિલાઈઝર કૌભાંડ સામે આવ્યું હતુ. આરોપ છે કે અગ્રસેન ગેહલોતે ૨૦૦૭થી ૨૦૦૯ની વચ્ચે ખેડૂતો માટે લીધેલી ફર્ટિલાઈઝર પ્રાઈવેટ કંપનીઓને આપ્યું હતુ. આ દરમિયાન કેન્દ્રમાં મનમોહન સિંહની સરકાર હતી અને રાજ્યમાં અશોક ગેહલોત મુખ્યમંત્રી હતા.

ઉલ્લેખનીય છે કે મ્યૂરિએટ ઑફ પોટાશ નિકાસ માટે પ્રતિબંધિત છે. એમઓપીને ભારતીય પોટાશ લિમિટેડ દ્વારા આયાત કરવામાં આવે છે અને ખેડૂતોને છૂટા દરો પર આપવામાં આવે છે. આરોપ છે કે ૨૦૦૭-૨૦૦૯ની વચ્ચે અગ્રસેન ગેહલોતે છૂટા દરો પર એમઓપી ખરીદી અને ખેડૂતોને વિતરણ કરવાની જગ્યાએ તેમણે આ કંપનીઓને વેચી દીધી. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે ૨૦૧૨-૧૩માં આનો ખુલાસો કર્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે રાજસ્થાનનાં તત્કાલીન મુખ્યમંત્રી અશોક ગેહલોતનાં ભાઈની કંપનીએ કથિત રીતે સબસિડીવાળા ફર્ટિલાઈઝર નિકાસ કર્યા, જે ઘરેલૂ ઉપયોગ માટે હતા.

બીજેપીએ કહ્યું હતુ કે અગ્રસેન ગેહલોતની કંપનીએ દેશનાં ખેડૂતો માટે આયાત કરવામાં આવેલા ફર્ટિલાઈઝર, પોટાશને નિકાસ કર્યા હતા. કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતુ કે, આ સબસિડીની ચોરીનો સ્પષ્ટ કેસ છે અને આ બધુ ૨૦૦૭થી ૨૦૦૯ની વચ્ચે થયું, જયારે કૉંગ્રેસનાં નેતૃત્વવાળી યૂપીએ કેન્દ્રમાં સત્તા પર હતી. તે સમયે અશોક ગેહલોત રાજસ્થાનનાં મુખ્યમંત્રી હતા. જે રીતે સસ્તા દર પર ફર્ટિલાઈઝર નિકાસ કરવામાં આવ્યું શંકા છે કે આ મની લૉન્ડ્રિંગનો કેસ હોઈ શકે છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા: ૧૦૨૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૫૧૪૮૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૨૮

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા : ૮૩૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૩૭૨૪૦

### બિહાર, સિક્કિમ, નાગાલેન્ડ જેવા રાજ્યોમાં પૂર્ણ લોકડાઉન અમલમાં

# કોરોના સંકટ: ૨૪ કલાકમાં નવા ૩૭,૭૨૪ કેસો, ૬૪૮ના મોત



*ન્યુ દિલ્હી,તા.૨૨*

વિશ્વમાં કોરોના માટેની રસી બનાવવાની હોડ ચાલી રહી છે ત્યારે દેશમાં કોરોનાએ હવે ૩૦ હજાર કરતાં વધુ કેસોના આંકડો જકડી રાખ્યો હોય તેમ અનલોક-૨ના ૨૧મા દિવસે ૩૭,૭૨૪ એટલે કે લગભગ ૩૮ હજાર નવા કેસો ઉમેરાયા હતા. તે સાથે વધુ ૬૪૮ના મોત થયા હતા. આજે બુધવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. ગઈકાલના નવા કેસો સાથે હવે કોરોનાના કેસોની સંખ્યા ૧૨ લાખની નજીક પહોંચવામાં છે. કુલ કેસો ૧૧, ૯૪,૧૦૫ થયા છે. સારવાર હેઠળના કેસોની સંખ્યા વધીને ૪,૧૨,૫૩૭ થઈ છે તો સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૭,૫૨,૩૯૩ થઈ છે. ગઈકાલે વધુ ૨૭,૫૮૯ દર્દીઓ સાજા થયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક વધીને ૨૮ હજારની ઉપર એટલે કે ૨૮,૭૭૦ થયો છે.

તો બીજી તરફ બિહારમાં ભાજપના એમએલસી ધારાસભ્ય સુનિલકુમારસિંહનું એઈમ્સ ખાતે કોરોનાથી નિધન થયું હતું. બિહારમાં કોરોનાથી નિધન પામનાર તેઓ પ્રથમ ધારાસભ્ય છે. મંગળવારે દેશમાં સૌથી વધુ ૮,૩૩૬ દર્દી મહારાષ્ટ્રમાં મળ્યા અને રાજ્યમાં ૨૪૬ લોકોના મોત થયા છે. મંગળવારે સતત ચોથા દિવસે ૩૫ હજારથી વધુ કેસ વધ્યા હતા. રિકવરી રેટ વધીને ૬૩.૧૨ ટકાએ પહોંચ્યો છે.

સૂત્રોએ માહિતી આપતાં કહ્યું કે, અનલોક-૨માં દેશમાં કોરોના સંકટમાં અને કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આરોગ્ય મંત્રાલયે જારી કરેલા આંકડા ટાંકીને કહ્યું કે, પાછલા ૨૪ કલાકમાં ૩૭,૭૨૪ નવા કેસ સામે આવ્યા છે અને ૬૪૮ લોકોનાં મોત થયાં છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખની નજીક પહોંચી છે. દેશમાં આ વાઈરસથી અત્યાર સુધી કુલ ૧૧,૯૨,૯૧૫ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને અત્યાર સુધી ૨૮,૭૩૨ લોકોનાં મોત થયાં છે. જોકે આ ખતરનાક ચાઈના બીમારીને ૭,૫૩,૦૪૯ લોકો માત આપી ચૂક્યા છે. જ્યારે હાલ આ વાઈરસના સંક્રમિત સક્રિય લોકોની સંખ્યા ૪,૧૧,૧૩૩એ પહોંચી છે. રિકવરી રેટ ૬૩.૧૨ ટકાએ પહોંચ્યો છે.

.કોરોનામાં રાહતરૂપ સમાન છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૭ હજાર ૫૮૯ લોકો સાજા થયા છે. જે આ એક દિવસમાં અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ પહેલા ૨૦ જુલાઈએ સૌથી વધુ ૨૪ હજાર ૩૦૩ લોકો સાજા થયા હતા. અત્યાર સુધી ૭ લાખ ૫૨ હજાર ૩૯૩ લોકો સાજા થઈ ચુક્યા છે.

તો આ તરફ આંધ્રપ્રદેશ સરકાર શિક્ષક દિન ૫ સપ્ટેમ્બરે શાળાઓ ખોલવાની યોજના બનાવી રહી છે. સરકારે કહ્યું કે, અંતિમ નિર્ણય ૧લી સપ્ટેમ્બરે કોરોનાની સ્થિતિ પ્રમાણે નિર્ણય લેવાશે.

ભારતમાં અનેક રાજ્યોમાં કોરોનાને કારણે લોકડાઉન લાગુ છે. બિહાર, સિક્કિમ, નાગાલેન્ડ જેવા રાજ્યોમાં પૂર્ણ લોકડાઉન છે. પશ્ચિમ બંગાળમાં અઠવાડિયામાં બે દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે અને પંજાબ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં વીકેન્ડમાં લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. દેશમાં ૧ જૂનના રોજ કોરોના વાયરસના લગભગ ૬,૦૪,૯૯૩ કેસ હતા જે ૨૦ જુલાઈ સુધી વધીને ૧૧ લાખે પાર પહોંચી ગયા હતા.

ભારતમાં મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. મહારાષ્ટ્રમાં ૩,૨૭,૦૩૧ કેસ નોંધાયા છે. જે પછી તમિલનાડુમાં ૧,૮૦,૬૪૩, દિલ્હીમાં ૧,૨૫,૦૯૬, કર્ણાટકમાં ૭૧,૦૬૯, આંધ્રપ્રદેશમાં ૫૮,૬૬૮, ઉત્તરપ્રદેશમાં ૫૩,૨૮૮, તેલંગાણામાં ૪૭,૭૦૫, પશ્ચિમ બંગાળમાં ૪૭,૦૩૦, રાજસ્થાનમાં ૩૧,૩૭૩ કેસ નોંધાયા છે.

કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી પ્રભાવિત દેશ છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. જો ૧૦ લાખ વસતી પર સંક્રમિત મામલા અને મૃત્યુદરની વાત કરવામાં આવે તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ભારતથી વધારે મામલા અમેરિકા અને બ્રાઝીલમાં છે.

### કોરોના સંકટ: ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગંભીર ચેતવણી

## આગામી ૧૫ દિવસ ભારત માટે ખૂબ જ ઘાતક સાબિત થશે

ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોના વાયરસે આખા ભારતને ભરડામાં લીધું છે. દિવસેને દિવસે કોરોના સંક્રમણના કેસમાં ભારે વધારો થઈ રહ્યો છે. કેમેય કરીને કોરોના વાયરસનો કહેર કંટ્રોલમાં નથી આવી રહ્યો. સામાન્ય લોકોની સાથો સાથ કોરોનાની સારવાર કરનારા અનેક તબિબો પણ આ ઘાતક વાયરસના કારણે મોતને ભેટ્યા છે. ભારત માટે આગામી સમય હજી પણ વધારે ગંભીર સાબિત થશે તેવી ચેતવણી ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના પ્રમુખે આપી છે. તેમણે ચેતવણી આપતા કહ્યું છે કે, આગામી ૧૫ દિવસ ભારત માટે ખુબ જ ઘાતક સાબિત થશે.

ઈન્ડીયન મેડીકલ એસોસિએશના પ્રમુખે ચેતવણી આપતા કહ્યું છે કે, કોરોનાના કહેરને નાથવા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવુ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, કોરોના વાયરસનો સૌથી વધુ ભોગ ડૉક્ટરો પણ બની રહ્યાં છે. તેવી જ રીતે ડૉક્ટરોમાં મૃત્યુઆંક પણ સૌથી વધારે છે. સૌથી વધુ ઉંમરવાળા તબીબોના મોત થયા છે. કુલ દર્દીમાં મૃત્યુદર ૨.૫ ટકા છે જ્યારે તબીબોમાં મૃત્યુદર ૮ ટકા જેટલો છે.

તેમના મતે અત્યાર સુધી ૧૩૦૨ સંક્રમિતમાંથી ૯૯ તબીબના મોત થયા છે. જેમાં ૫૪ પ્રેકટીસીંગ તબીબ, ૧૯૧ સર્જનના મોત થયા છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે, ૩૫-૫૦ વયના ૧૯ ડોકટર મોતને ભેટ્યા છે. જ્યારે ૫૦થી વધુ વયના ૭૩ તબીબોના મોત થયાં છે. તેમણે ડોક્ટરોની કામગીરીને બિરદાવી હતી. ઈન્ડીયન મેડીકલ એસોસિએશના પ્રમુખે કહ્યું હતું કે, સૌથી વધુ કામ તબીબો કરી રહ્યાં છે. પરંતુ વધુ પડતા શ્રમથી ઈમ્યુનીટી ઘટે છે. માટે જ દર્દીમાં મૃત્યુદર ઓછો છે અને તબીબોમાં વધુ વધુ છે. તેમના મતે હાલ ભારતમાં કોરોનાની સ્થિતિ છે તે આગામી ૧૫ દિવસમાં વધારે વિકરાળ બની શકે છે. માટે સોશિયલ ડિસ્ટેન્સિંગ જાળવવુ ખુબ જ જરૂરી છે.

બીજી બાજુ ભારત ઓક્સફર્ડ યૂનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલી કોરોના વેક્સીનના ત્રીજા તબક્કાની ટ્રાયલ કરવાની તૈયારીમાં છે. દેશમાં જે ઝડપે કોરોના વાયરસ મહામારી ફેલાઈ રહી છે, તેને ધ્યાનમાં રાખતા દુનિયાના તમામ દેશોની માફક ભારતમાં પણ વેક્સીન પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. જોકે તબીબી નિષ્ણાંતોનું માનવું છે કે જો વેક્સીન જલ્દી મળી જાય તો પણ ભારતના લોકોએ વર્ષો સુધી કોરોના વાયસર સાથે જ જીવવુ પડી શકે છે. તબીબી નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે જો કોરોના વાયરસની વેક્સીન જલ્દીથી જ વિકસાવી લેવામાં આવે તો પણ ભારતની ૬૦ થી ૭૦ ટકા વસ્તીનું વેક્સીનનેશન એટલે કે ટિકાકરણ કરાવવામાં જ લગભગ ૨ વર્ષનો સમય લાગી જશે. હર્ડ ઈમ્યુનિટી સુનિશ્ચિત કરવા ઓછામાં ઓછા ૬૦ થી ૭૦ ટકા વસ્તીમાં રોગ પ્રતિકારકશક્તિ વધારવી જરૂરી છે.

## લદાખમાં ભારતીય વાયુસેના તૈનાત, વિરોધીઓને મળ્યો મજબૂત સંદેશ : રાજનાથ સિંહ

*ન્યુ દિલ્હી,તા.૨૨*

વાયુ સેના કમાંડર સમ્મેલન આજથી શરૂ થયું. આ દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, કોવિડ -૧૯ રોગચાળા દરમિયાન વાયુસેનાનું પ્રદાન ખૂબ જ પ્રશંસનીય છે. આ પડકારજનક સંજોગોમાં ભારતીય વાયુસેનાની ભૂમિકા રાષ્ટ્રને યાદ રહેશે.

તેમણે કહ્યું કે, લદ્દાખની સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય વાયુસેના દ્વારા ફોરવર્ડ બેઝ પર કરવામાં આવેલી ઝડપી તૈનાતે(ગોઠવણ) વિરોધીઓને એક મજબૂત સંદેશ આપ્યો છે.આ ત્રણ દિવસીય પરિષદમાં, ભારતીય વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ, બેવડા સંઘર્ષની પરિસ્થિતિઓમાંથી ઉદ્ભવતા ગંભીર પ્રશ્નો ઉપરાંત, ભારતીય વાયુસેનાના પડકારો, લડાકુ વિમાન સ્ક્વોડ્રનનો અભાવ, વિશેષ દળોની તૈનાત, માનવરહિત હવાઈ વાહનોની જરૂરિયાત અને સક્ષમ એરલિફ્ટની ક્ષમતા વધારવા અને થિયેટર કમાન્ડ સ્ટ્રક્ચર તરફ આગળ વધવા જેવા પડકારો પર ચર્ચા કરશે.

## કોરોનાના ટેસ્ટ કરવામાં અમેરિકા પ્રથમ, ભારત બીજા સ્થાન પર: ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૨૨

અમેરિકામાં કોરોના વાયરસની વિરુદ્ધ યુદ્ધ ચાલી રહ્યું છે, પરંતુ હજુ પણ અહીં ઝડપથી કેસ વધી રહ્યા છે. આ દરમિયાન અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એકવાર ફરી કહ્યું છે કે અમેરિકા સતત કોરોના વાયરસ સામે સારી લડાઈ લડી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમે જલદી ૫ કરોડ ટેસ્ટ પૂર્ણ કરી લેશું. અમારા પછી ફક્ત ભારત જ છે જે સૌથી વધારે ટેસ્ટ કરી રહ્યું છે.

બુધવારનાં વ્હાઈટ હાઉસમાં મીડિયા સાથે વાત કરતા અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકામાં સૌથી વધારે કેસ એ કારણે છે કે અમે સૌથી વધારે ટેસ્ટ કરી રહ્યા છીએ. જલદી અમે ૫૦ મિલિયન ટેસ્ટનો આંકડો પૂર્ણ કરી લઈશું. અમારા પછી ફક્ત ભારત જ છે જે સૌથી વધારે ટેસ્ટ કરી રહ્યું છે. ભારતે લગભગ ૧૨ મિલિયન ટેસ્ટ કર્યા છે, ત્યારબાદ ઘણા દેશો હજુ પણ ૬-૭ મિલિયન પર જ પહોંચી શક્યા છે.

ઉલ્લેખનીય છે કે ટેસ્ટિંગનાં મામલે અત્યારે અમેરિકા દુનિયામાં નંબર-૧ છે, કેમકે ત્યાં રોજનાં ૭ લાખ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. બુધવાર સવાર સુધી અમેરિકામાં ૪૯ મિલિયનથી વધારે ટેસ્ટ થઈ ચુક્યા છે. તો ભારતની વાત કરીએ તો ભારતમાં અત્યારે રોજનાં સાડા ત્રણ લાખથી વધારે ટેસ્ટ થઈ રહ્યા છે અને કુલ ટેસ્ટનો આંકડો દોઢ કરોડની નજીક પહોંચી ગયો છે. ભારત પ્રતિ મિલિયન ટેસ્ટનાં મામલે ભલે પાછળ હોય છે, પરંતુ કુલ ટેસ્ટનાં મામલે આગળ ચાલી રહ્યું છે.જો કે ચીનનો દાવો છે કે તેણે અત્યાર સુધી ૯ કરોડ ટેસ્ટ કર્યા છે, રશિયા ૪ કરોડ ટેસ્ટની વાત કરી રહ્યું છે, પરંતુ અમેરિકા બંને દેશોનાં આંકડાઓ પર વિશ્વાસ નથી કરી રહ્યું. ડોનાલ્ડ ટ્રમ્પે એકવાર ફરી માન્યું કે અત્યારે કોરોના વાયરસ ખત્મ નથી થયો અને દુ:ખની વાત છે કે હજુ આ વધારે ડરામણો થઈ શકે છે.

### આ સ્વદેશી મિસાઈલની ક્ષમતા ૪ કિમી સુધીની છે અને તે કોઈ પણ ટેન્કને નષ્ટ કરી શકશે

## સેનાનું વધુ એક સાહસ: મેડ ઈન ઈન્ડિયા ધ્રુવાસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ

બાલાસોર,તા.૨૨

મેક ઈન ઈન્ડિયા અભિયાન અંતર્ગત દેશની સેનાને સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. ત્યારે સેનાની શક્તિમાં વધુ એક નામનો ઉમેરો થયો છે અને એન્ટી ટેન્ક 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ભારતમાં જ બનેલી આ મિસાઈલ દુશ્મનને સંપૂર્ણપણે ધ્વસ્ત કરવાની શક્તિ ધરાવે છે. ઓડિશાના બાલાસોર ખાતે ૧૫ અને ૧૬ જુલાઈના રોજ તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ સેનાને તેની સોંપણી કરવામાં આવી છે. ભારતીય સેનાના ધ્રુવ હેલિકોપ્ટર સાથે આ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવશે. મતલબ કે એટેક હેલિકોપ્ટર ધ્રુવ પર તેને તૈનાત કરવામાં આવશે જેથી સમય આવ્યે દુશ્મનોને પાઠ ભણાવી શકાય. જો કે હાલ જે ટેસ્ટ કરવામાં આવ્યો તે હેલિકોપ્ટર વગર જ કરવામાં આવ્યો છે. પહેલા આ મિસાઈલને 'નાગ' નામ આપવામાં આવ્યું હતું જેને બદલીને હવે ધ્રુવાસ્ત્ર કરી દેવાયું છે.

આ મિસાઈલ સ્વદેશી છે અને તેની ક્ષમતા ૪ કિમી સુધીની છે. તે કોઈ પણ ટેન્કને નષ્ટ કરી શકે છે. ધ્રુવ હેલિકોપ્ટર પણ સંપૂર્ણપણે સ્વદેશી હેલિકોપ્ટર છે. આ સંજોગોમાં ડીઆરડીઓ અને સેના માટે તેને મોટી ઉપલબ્ધિ માનવામાં આવે છે કારણ કે હવે આવી મિસાઈલ માટે કોઈ બીજા દેશ પર નિર્ભર નહીં રહેવું પડે.

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનની જાણકારી પ્રમાણે ધ્રુવાસ્ત્ર એ ત્રીજી પેઢીની 'નિશાન તાકો અને ભૂલી જાઓ' ટેન્ક વિરોધી મિસાઈલ પ્રણાલી છે જેને આધુનિક હળવા હેલિકોપ્ટર પર સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રણાલી તમામ ઋતુમાં દિવસ અને રાતના સમયે કામ કરવા સક્ષમ છે તથા પારંપરિક કવચની સાથે વિસ્ફોટક પ્રતિક્રિયાશીલ કવચ સાથે યુદ્ધટેન્કને નષ્ટ કરી શકે છે.

## સોશિયલ ડિસ્ટન્સ સાથે રાજ્યસભાના ૬૧ સાંસદોએ શપથ ગ્રહણ કર્યા

ન્યુ દિલ્હી,તા.૨૨

રાજ્યસભામાં આજે ૬૧ નવા સાંસદોનો શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયા અને કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગે શપથ લીધા હતા. આ ૬૧માંથી ૪૩ સભ્ય પહેલી વખત રાજ્યસભા પહોંચ્યા છે.

હવે ગૃહમાં ભાજપ સાંસદ ૭૫થી વધીને ૮૬ થઈ ગયા છે.સંસદનું સત્ર ચાલુ ન થાય એવી સ્થિતિમાં સામાન્ય રીતે શપથ અધ્યક્ષના રૂમમાં જ લેવામાં આવે છે, પરંતુ પહેલી વખત હાઉસ ચેમ્બરમાં શપથ લેવાયા છે. શપથ દરમિયાન સોશિયલ ડિસટન્સીંગનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

